
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

નીરોગી શરીર, તેજસ્વી બુદ્ધિ અને ઉચ્ચ ગુણોથી અલંકૃત હૃદય જેને પ્રાપ્ત થયા હોય તેને આ પૃથ્વી પર મેળવવા જેવું કંઈ જ બાકી રહ્યું નથી એમ કહી શકાય. સામાન્ય જીવનમાં ધન, સત્તા, કીર્તિને આપણે મહત્વ આપીએ છીએ; પરંતુ શરીર, મન અને આત્માની સમૃદ્ધિ ધરાવતી વ્યક્તિ માટે એમાંનું કંઇ જ મેળવવાનું કઠિન નથી. ધન, સત્તા કે કીર્તિ એના માર્ગમાં સહજ રીતે જ આવે છે–એનો સ્વીકાર કર્યા પછી જો એ થોભી જાય તો એની શક્તિઓ ક્ષીણ થવા માંડે અને એ જો આગળ વધવાનો નિશ્ચય કરે તો ધન, સત્તા ને કીર્તિ મહત્વ વિનાનાં બની જાય. કહેવાનું તાત્પર્ય એ કે જીવનમાં માત્ર કરવા જેવું ખરેખર કંઇ હોય તો દેહનું આરોગ્ય, બુદ્ધિની તેજસ્વિતા અને હૃદયના–આત્માના ગુણોની પ્રાપ્તિ છે. એની પાસે બાકીનું બધું તુચ્છ છે, નિઃસાર છે.

'જીવનમાધુરી' માંથી

પુસ્તક ૫૫
અંક ૮

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

જેઠ
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧. | સુભાષિત | | ૧૧૩ |
| ૨. | દુર્જન સ્વભાવ | (અભ્યાસી) | ૧૧૪ |
| ૩. | મહત્વાકાંક્ષા | (અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૧૧૫ |
| ૪. | ઉપાધ્યાયજીનાં ૧૫૨ લઘુસ્તવનો | (પ્રા. હીરાલાલ ર. કાપડિયા) | ૧૧૮ |
| ૫. | વીરભક્ત કામદેવ | (કા. જ. દે) | ૧૨૨ |
| ૬. | અહંકાર એ પતનનો પ્રારંભ! | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૧૨૪ |
| ૭. | શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન-સાર્થ | (ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ) | ૧૨૭ |
| ૮. | સન્માન અને સ્વાગત | (રક્તતેજ) | ૧૨૮ |
| ૯. | સ્વીકાર. | | ટા. પે. ૩ |


## સભાનો વાર્ષિક ઉત્સવ

પ્રતિ વરસે આ સભાનો વાર્ષિક ઉત્સવ જેઠ શુ. ૨ના રોજ ઉજવવામાં આવે છે. પરંતુ આ વરસે લગ્નસરાને અંગે સભાનો વાર્ષિક ઉત્સવ જેઠ શુદિ સાતમ રવિવારે ઉજવવામાં આવેલ.

આ પ્રસંગે સભાના સભ્યો તળાજે મુકામે ગયા હતા. ત્યાં તાલધ્વજગિરિ ઉપર આ સભાના સ્વ. પ્રમુખ શ્રી મૂળચંદભાઈ નથુભાઈના સુપુત્ર શ્રી ગુલાબચંદભાઈ તરફથી મળેલ આર્થિક સહાયવડે નવપદજીની પૂજા રાગરાગણીપૂર્વક ભણાવવામાં આવી હતી. ત્યારબાદ પ્રતિ વરસની માફક સ્વ. વોરા હઠીચંદ ઝવેરચંદ શેઠ તરફથી તેમજ શેઠશ્રીના ધર્મપત્ની હેમકુંવરબેન તરફથી મળેલ આર્થિક સહાયવડે સભાના સભ્યો તેમજ યાત્રિક ભાઈઓનું સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

---

# શાસ્ત્રાનુલક્ષી પરંપરાનુસારી શ્રી શ્રમણ સંઘનો નિર્ણય

**અમદાવાદ મધ્યે યોજાયેલ શ્રી મુનિસમ્મેલનની કાર્યવાહી અટકયા બાદ પરંપરાનુસારી તપાગચ્છીય શ્રી. દેવસૂર શ્રમણસંઘમાં નીચે પ્રમાણેના નિર્ણયો લેવાયા છે તે આજરોજ તા. ૨૩-૫-૫૮ શુક્રવારના રોજ જાહેર કરવામાં આવે છે.**

**૧. શાસ્ત્રાનુસારી શ્રી. વિજયદેવસૂરિ મહારાજની પરંપરા પ્રમાણે આરાધનામાં બાર પર્વતિથિની ક્ષયવૃદ્ધિ (વધઘટ) નહિ કરવાની અત્યાર સુધી ચાલી આવતી પ્રણાલિકા કાયમ રાખવાની છે. કોઈ પણ સંયોગોમાં બાર પર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરી શકાય નહિ.**

**૨. સંવત્સરી મહાપર્વની આરાધના ભાદરવા શુદ ૫ ને (ક્ષય-વૃદ્ધિ નહિ કરવાપૂર્વક) અખંડ રાખીને જ કરવાની છે.**

**૩. સંવત ૨૦૧૪ ના ચાલુ વર્ષમાં સંવત્સરી મહાપર્વની આરાધના તા. ૧૬-૯-૧૯૫૮ મંગળવારના રોજ કરવાની છે.**

લિ.

**વિજયનંદનસૂરિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ જેઠ [ અંક ૮

# સુભાષિત

जीर्यन्ते जीर्यतः केशाः दन्ता जीर्यन्ति जीर्यतः।
चक्षुःश्रोत्रे च जीर्येते तृष्णैका तरुणायते ॥

આયુના વધવા સાથે, વાળ દાંત જતા પડી;
આંખ કાન થતાં ખોટાં, તૃષ્ણા જ તરુણા થતી.

આ શ્લોકનું ચોથું ચરણ અક્ષરરચનાનો મધુર નમૂનો છે. એમાં તૃષ્ણાનો સ્વભાવ સાહજિક ને પ્રબળરૂપે વ્યક્ત થાય છે. ઢળતી વયે મનુષ્યના વાળ, દાંત જીર્ણ થઇ ખરવા-પડવા માંડે છે. આંખ કાનના તેજ ને શક્તિ ઓછાં થઇ જાય છે. અને અવયવોમાં આવી બીજી અનેક ઊણપો આવવા માંડે છે. માત્ર માનવીની તૃષ્ણા જ એક એવી છે જે આથમતી વયે ઊલટી વધુ ને વધુ તરુણ બનતી જાય છે. એમાં તારુણ્યનું આરોપણ કરીને કવિએ તૃષ્ણાનું નગ્ન સ્વરૂપ પ્રકટ કર્યું છે. માણસના જીવન આખાને આવરીને પડેલી એક અતિ કપરી ને વિનાશક વૃત્તિની સામે લાલબત્તી ધરનારો શ્લોક સાહિત્ય તેમજ જીવન બન્નેમાં સાચવી રાખવા જેવું રત્ન છે.

'કુમાર'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુર્જન સ્વભાવ

(મનહર)

નિમ્બતણું વૃક્ષ વાવી સાકરનો કયારો કરી,
કયારો ભરી રાખો અહોનિશ નિત્ય મધથી;
હમેશ પલ્લવો પટે દૂધ ખૂબ છાંટ્યા કરો,
નિકટમાં ચારે પાસ આમ્રવૃક્ષ વાવજ્યો;
લીંબોળી ન તોય કદી નિમ્બતણી મીઠી થાય,
કટુતા સહજ કોટિ ઉપાયથી જાય ના;
દુર્જન ન તેમ કદી આર્ય વાણી બોલનાર,
ભલે મીઠી વાણી સુણે સજ્જનના મુખથી. ૧

કાગને પ્રીતિથી પાળો સુવર્ણપંજરે રાખો,
આમ્ર અને મીઠા મીઠા મેવા ખવરાવીએ;
ગંગાતણું જળ પીવા આપો ભલે પ્રેમથકી,
મીઠી મીઠી વાણી તેની પાસ નિત્ય બોલીએ;
પણ કાગ કાગ રહે, કોમલ ન કદી થાય,
સહજ સ્વભાવ કોટિ ઉપાયથી જાય ના;
દુર્જન ન તેમ કોટિ ઉપાયે સજ્જન થાય,
ભલે રહે સજ્જનના નિત્ય તેહ સંગમાં. ૨

સાબુ તણો રાશિ લઈ, ગંગાતણા તટે જઈ,
રાસભને ખંતથકી ખૂબ નવરાવીએ;
મખમલતણું કદિ પલાણ કરાવી અને,
બીજા શણગારથકી બહુ જ સજાવીએ;
પણ તે રાસભ કદી તીખો ન તોમાર થાય,
ભલે તેમ કરવા ખ-ભૂમિ એક કહીએ;
ઉપદેશ આપો ભલે દુર્જનને અણમૂલા,
પણ તે સજ્જન થાય નહિ આ જનમમાં.

અભ્યાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહત્વાકાંક્ષા

અનુ૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ

"Whoever is satisfied with what he does has reached his culminating point. He will progress no more."

(પોતે જે કંઈ કરે છે તેનાથી જે કોઈ મનુષ્ય સંતુષ્ટ થઈ બેસી રહે છે તે તેના અંતસ્થાને પહોંચી ગયો છે. તે વધારે આગળ પ્રગતિ કરી શકશે નહિ)

જગતમાં અસંખ્ય લોકો કોઇ પણ પ્રકારના ચોક્કસ આશય વગર જીવન વ્યતીત કરે છે તે જોઇને આશ્ચર્ય થાય તેમ છે. આપણી આસપાસ અનેક સ્ત્રી-પુરૂષોને જીવનસમુદ્ર ઉપર નિર્હેતુક આમતેમ ઘસડાતા આપણે જોઈએ છીએ. જો તમે તેમાંના કોઇને પૂછશો કે તે શું કરવા ઇચ્છે છે, તેની શી ઇચ્છાઓ છે, તો તેના જવાબમાં એ જ મળવાનું કે તેનું તેને બરાબર જ્ઞાન નથી. તે માત્ર પ્રસંગની જ રાહ જોયા કરતો હોય છે. જે મનુષ્ય કોઇપણ કાર્યક્રમ વગર પોતાનું જીવન પસાર કરે છે તે તેના લક્ષ્યસ્થાને પહોંચવા શક્તિમાન બને તે આશા નિરર્થક છે. સ્પષ્ટ રીતે નિશ્ચિત કહેલા ઉદ્દેશની જીવન ઉપર સબળ સત્તા ચાલે છે. તેનાથી આપણા પ્રયત્નોનું એકીકરણ થાય છે અને આપણે આપણું કાર્ય કઈ દિશામાં લેવું તેની સૂઝ પડે છે, જેથી કરીને આપણે કરેલ પ્રયત્ન મૂલ્યવાન ગણી શકાય છે.

જે માણસો કંઈ પણ ઉજવલ કાર્ય કરવાને સમર્થ બન્યા છે તેઓ કદિ પણ પોતાની સુસ્ત ચિત્તવૃત્તિ પ્રમાણે વર્તા હોતા નથી. જે વસ્તુઓ તેમની મહત્વાકાંક્ષાની સિદ્ધિમાં અંતરાય કરનારી બને છે તેની સામે બાથ ભીડવા જેઓ સમર્થ બને છે તે માણસો જ પ્રકાશમાં આવી શકે છે. જે કાર્ય પોતાને માટે ઇષ્ટ અને ઉત્તમ હોય, નહિ કે આનંદપ્રદ અથવા વધારે સુગમ, તે કાર્ય કરવાની પોતાની જાતને જરૂર પાડે છે તે માણસની જ કિંમત અને કદર થાય છે.

દરેક માણસે પોતાના ગુરૂ અથવા સ્વયંશિક્ષક થવું જોઇએ. યોગ્ય પ્રસંગ મળે નહિ ત્યાં સુધી તેણે આળસમાં બેસી રહેવું જોઈએ નહિ. સવારમાં પથારીમાંથી ઊઠવાની વૃત્તિ થાય નહિ ત્યાં સુધી સૂઇ રહેવું એ જેવું ભૂલભરેલું છે તેવું જ આપણે જ્યારે ખુશમિજાજમાં હોઇએ ત્યારે જ કાર્ય હાથ ધરવું તે ભૂલભરેલું છે. પોતાની પ્રકૃતિને અને રૂચિને સંયમમાં રાખતાં અને મનની ગમે તે સ્થિતિમાં પોતાની જાતને કાર્ય કરવાની જરૂર પાડતાં દરેક માણસે શીખવાની ખાસ જરૂર છે. ઉચ્ચાશય વગરના ઘણાખરા લોકો જેઓ પોતાનાં કાર્યમાં સફળતા મેળવી શકતા નથી તેઓ એટલા બધા આળસુ હોય છે કે તેઓ વિજય પ્રાપ્ત કરી શકતા નથી. આવશ્યક પ્રયત્ન કરવાને તેઓ નારાજ હોય છે અને તેઓ સમજે છે કે તેઓએ શા માટે વિના કારણ પ્રયત્ન કરવો જોઈએ અથવા પરિશ્રમ લેવો જોઈએ. એશઆરામમાં જ યા અમૂલ્ય જીવન વ્યતીત કરવામાં જ તેઓ મહત્વ સમજે છે. શારીરિક આળસ, માનસિક ઉપેક્ષા, પ્રસંગોને જવા દેવાની ચિત્તવૃત્તિ–આ સર્વ કારણોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઇને માણુસો પોતાના કાર્યમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. મહત્વાકાંક્ષાનો ધીમે ધીમે સંકોચ થવા લાગે એ પોતાના કાર્યમાં અપકર્ષ થાય છે તેનું પ્રથમ ચિહ્ન છે. ખાસ કરીને જ્યારે આપણે એવા વાતાવરણમાં હોઈએ કે જેમાં જિંદગીની સંભવિત વસ્તુઓથી માણુસો દોરાય છે ત્યારે મહત્વાકાંક્ષા સિવાય અન્ય કોઈ કારણુ નથી કે જેના ઉપર સંભાળપૂર્વક તપાસ રાખવાની અને જેને નિરંતર મજબૂત બનાવવાની જરૂર છે. જેઓ પોતાનો અપકર્ષ થતો અટકાવવાની ઇચ્છા રાખે છે તેઓને માટે પોતાની મહત્વાકાંક્ષાની નિરંતર તપાસ રાખવાની અને તેને જાગ્રત રાખવાની ખાસ જરૂર છે. દરેક બાબતનો આધાર મહત્વાકાંક્ષા પર છે. જે ક્ષણે તે નિર્બળ બને છે તે જ ક્ષણે જીવનના સર્વ ધોરણુ છિન્નભિન્ન થઈ જાય છે. મહત્વાકાંક્ષાના દીપકને નિરંતર પરિષ્કૃત અને દેદિપ્યમાન રાખવાની પૂરેપૂરી જરૂર છે. મહત્વાકાંક્ષાને દાબી દેનાર સત્તાઓની સાથે વિલાસ કરવાની ટેવ ભયંકર છે.

કોઈ માણુસે નિદ્રા લાવનાર દવા વધારે પ્રમાણુમાં લીધી હોય ત્યારે ડોકટર તરત જ સમજી શકે છે કે નિદ્રા નાશકારક નીવડશે, જેથી દરદીને જાગ્રત રાખવાનો યત્ન કરવામાં આવે છે અને ઉપાયો લેવામાં આવે છે. કેટલીક વખત સ્થિતિ વધારે ગંભીર હોય તો મૃત્યુનો નિરોધ કરવાને વધારે સખ્ત ઉપચારો અજમાવવા પડે છે. આ નિયમ મહત્વાકાંક્ષાને લાગુ પડે છે. જો મહત્ત્વાકાંક્ષા એક વખત દબાઈ જાય છે તો તેને પુનઃ સચેતન કરવાનું કામ લગભગ અશક્ય થઈ પડે છે. ઉત્તમ ગુણોથી વિભૂષિત અનેક માણુસો આપણી દષ્ટિએ સર્વત્ર પડે છે. આવા ઉચ્ચ કોટિના માણુસ સારા પ્રસંગોનો કેમ લાભ લેતા નથી, તેઓ શા માટે નિષ્ક્રિય રહે છે વગેરે પ્રશ્નોનો વિચાર કરતાં આશ્ચર્ય થાય છે. આનું કારણુ એ છે કે તેઓને કોઈ પ્રકારની ઉચ્ચ અભિલાષા હોતી નથી, પ્રધાન આશયો હોતા નથી.

ઘડિયાળમાં બધાં ચક્રો પૂર્ણ હોય અને કિંમતી રત્ના હોય, પરંતુ જો તેમાં મુખ્ય કમાન ન હોય તો તે ઘડિયાળ નકામી છે તેવી રીતે મનુષ્યે ઉચ્ચ કેળવણીનો સ્વાદ લીધો હોય, શરીરે સંપૂર્ણ નીરોગી હોય, પરંતુ જો તેનામાં ઉચ્ચાભિલાષો ન હોય તો તેના અન્ય ગુણો ગમે તેટલા શ્રેષ્ઠ હોય તો પણ તે સર્વ નિરુપયોગી છે. પુખ્ત વયે પહોંચેલા અને મહાન શક્તિ ધરાવનારા અનેક મનુષ્યો જોવામાં આવે છે કે જેઓએ અદ્યાપિપર્યંત પોતાનું જીવન-કાર્ય પસંદ કર્યું હોતું નથી. તેઓ એમજ કહે છે કે અમે ક્યા કાર્યને માટે લાયક છીએ તે જાણુતા નથી. મનુષ્યમાં મહત્વાકાંક્ષાના બીજનું વહેલું રોપણુ થાય છે. આપણે તેની દરકાર કરતા નથી, તેને આપણા તરફથી ઉત્તેજન કે પોષણુ મળતું નથી તો તેનો ક્રમેક્રમે લય થઈ જાય છે અને તે આપણુને પીડા કરવાનું તજી દે છે. કેમકે અન્ય કોઇ ગુણુનો કે વસ્તુનો ઉપયોગ કરવામાં ન આવે તો જેવી રીતે તે દબાઈ જાય છે તેવી જ રીતે મહત્વાકાંક્ષાના સંબંધમાં પણુ બને છે. જે વસ્તુઓનો આપણે હંમેશાં ઉપયોગ કરીએ છીએ તે જ વસ્તુઓ આપણી પાસે રહી શકે છે. કોઈ પણુ શક્તિ, સ્નાયુ કે મગજશક્તિનો ઉપયોગ કરવાનું આપણે બંધ કરીએ છીએ કે તરત જ તે શક્તિનો હ્રાસ થાય છે. અને ધીમે ધીમે તે શક્તિનો આપણામાંથી સદંતર વિલય થઈ જાય છે.

"ઊર્ધ્વગામી બનો" એ કુદરતના આદ્ય આહ્વાન પ્રત્યે જો તમે દુર્લક્ષ રહો છો, જો તમે તમારી મહત્વાકાંક્ષાને ઉત્તેજન કે પોષણુ આપતા નથી અને ઉપયોગથી રોજબરોજ મજબૂત બનાવતા નથી તો તે મૃતદશાને પામે છે. જેમ કોઈ ઇચ્છા કે વૃત્તિને દાબી રાખવાથી તેનો નાશ થઈ જાય છે તેમ મહત્વાકાંક્ષાને દાબી દેવાથી તે નષ્ટ થઇ જાય છે, એમાં કશો સંદેહ નથી. જે લોકોમાં મહત્વાકાંક્ષા મૃતાવસ્થામાં પડેલી છે એવા જ લોકો આપણી આસપાસ દષ્ટિએ પડે છે. તેઓ માનુષી દેખાવ માત્ર ધારણુ કરે છે, પરંતુ જે અગ્નિ તેઓમાં પ્રજ્વલિત થયો હતો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંત થઈ ગયો છે. તેઓ પૃથ્વી પર સંચરે છે પરંતુ તેઓની ઉપયોગિતા રહી નથી, તેઓ પોતાની જાતને અથવા જગતને કશા ઉપયોગના નથી. જેની મહત્ત્વાકાંક્ષા મત્યુ પામેલી છે તે માણસની સ્થિતિ દયાજનક છે. જેનામાં મહત્વાકાંક્ષાનો અગ્નિ કાષ્ઠના અભાવે શાંત થઇ ગયો હોય છે, જેણે ઊર્ધ્વગામી બનવાના આંતરિક નિમંત્રણને માન આપ્યું નથી તે માણુસના જેવી શોચનીય અને દયાજનક સ્થિતિ ભાગ્યે જ કોઈની હશે. જ્યાં સુધી મહત્વાકાંક્ષા જીવતી હોય ત્યાં સુધી ગમે તેવા અધમ અને દુષ્ટ માણુસને માટે આશા બાંધી શકાય છે. પરંતુ તેનો નાશ થાય છે ત્યારે મહાન જીવનને ઉત્તેજક તથા પ્રોત્સાહક શક્તિનો વિલય થયો ગણુાય છે. પોતાની મહેચ્છાઓને સદાસર્વદા તાજી અને તીક્ષ્ણ રાખવાનું કામ દરેક માણુસને માટે મુશીબતવાળું છે. જો પોતે મહેચ્છાઓને સદા જાગ્રત રાખે અને પોતાના આદર્શોને કાર્યમાં મૂકવાની અને મહત્વાકાંક્ષાને પહોંચી વળવાની અહોનિશ ઇચ્છા રાખ્યા કરે તો તે કલ્પનાસૃષ્ટિના સર્વ પ્રબંધોનો સત્કાર અનુભવશે એમ માનવામાં ઘણુા લોકો પોતાની જાતને ઠગે છે. મહત્વાકાંક્ષાને સચેતન અને જાગ્રત રાખવા માટે ભિન્ન-ભિન્ન સામગ્રી તથા સાધનોની અપેક્ષા છે. મહત્વાકાંક્ષા ઉપયોગી અને તેટલા માટે તેને મહાન મનોબળ, અડગ નિશ્ચય, શારીરિક શક્તિ, સહનશીલતા આદિ વિશિષ્ટ ગુણોથી ટકાવી રાખવાની પૂરેપૂરી જરુર છે. તેના વગર મહત્વાકાંક્ષા કોઈપણ જાતનું શુભ પરિણામ આપવા અશક્ય છે.

અમુક કાય કરવાની તમને પ્રબળ ઇચ્છા છે તે વાતથી જ સિદ્ધ થાય છે કે તે કાર્ય તમે કરી શકશો અને તે તમારે વિના વિલંબે કરવું જોઇએ. કેટલાક લોકો એમ ધારતા જણુાય છે કે જીવનમાં અમુક કાર્ય કરવાની મહેચ્છા થાય તે લાંબો વખત ટકી શકે તેવો ગુણુ છે, પરંતુ આ વિચાર ભૂલભરેલો છે. યાહુદી લોકોને જે સ્વાદિષ્ટ ખોરાક રણુમાં વૃક્ષોના મૂળમાંથી મળતો તેના જેવું તે છે. તે ખોરાક તેઓને ઝડપથી ખાવો પડતો હતો. જ્યારે તેઓની શ્રદ્ધા નબળી પડી ત્યારે તેઓ તે ખોરાકનો સંગ્રહ કરવાનો યત્ન કરવા લાગ્યા પરંતુ તેઓને તરત જ સમજાયું કે બીજા દિવસ સુધી તે ખોરાક તેઓની પાસે રહી શકશે નહિ. જે વખતે આપણો નિશ્ચય પૂરેપૂરો દૃઢ થયો હોય તે જ સમય કાર્ય કરવા માટે યોગ્ય છે કેમકે વિલંબ કરવાથી પ્રત્યેક ક્ષણે નિશ્ચય નબળો પડતો જાય છે. જ્યારે જ્યારે મહત્વાકાંક્ષા તાજી, પ્રબળ અને ઉત્સાહ યુક્ત હોય છે ત્યારે ત્યારે કોઇ પણુ કાર્ય કરવું અત્યંત સુગમ પડે છે પરંતુ આપણે તે થોડો વખત મુલતવી રાખીએ તો તે માટે જરૂરી યત્ન કરવાની ચિત્તવૃત્તિ નબળી પડી જાય છે. એટલે તમારી મહત્વાકાંક્ષાને નબળી થવા ન દો. "અર્ધ સંતોષવૃત્તિમાં હું મારું જીવન પસાર નહિ કરું" એવો દૃઢ નિશ્ચય કરો. જેઓમાં મહત્ત્વાકાંક્ષા નથી જેઓ અર્ધસંતુષ્ટ છે, જેઓમાં પ્રગતિ કરવા માટે ઉત્સાહ નથા તેવા લોકોને સહાય કરવાનો યત્ન કરવો તે અત્યંત નિરાશાજનક છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપાધ્યાયજીનાં ૧૫૨ લઘુ સ્તવનો

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

સામાન્ય માનવીનું સાધારણ રીતે એક જ નામ હોય, પરંતુ વિશિષ્ટ કક્ષાના મનુષ્યોની વાત ન્યારી છે. જૈન મુનિવરોનો વિચાર કરીશું તો જણાશે કે ઉમાસ્વાતિનો 'વાચક' તરીકે, જિનભદ્રગણિનો 'ક્ષમા-શ્રમણ' તરીકે અને ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજય ગણિનો 'ઉપાધ્યાયજી' તરીકે નિર્દેશ કરાયો છે અને આજે પણ કરાય છે.

'સ્તવન' શબ્દ 'સ્તુ' ધાતુ ઉપરથી બનાવાયો છે, એથી કરીને એ સંસ્કૃત શબ્દના 'સ્તુતિ' અને 'સ્તોત્ર' એ બે બંધુઓ ગણાય-પર્યાય ગણાય એ સ્વાભાવિક છે; પરંતુ અહીં તો હું 'સ્તવન' શબ્દ આજે કેટલાયે સૈકાઓથી જૈન સમાજમાં જે અર્થમાં રૂઢ થયેલો છે તે અર્થમાં વાપરું છું, અને એથી તો ઉપાધ્યાયજીએ સંસ્કૃત ભાષામાં જે [1]સ્તોત્રો રચ્યાં છે તે અત્ર અભિપ્રેત નથી.

યશોવિજયગણિએ જેટલી કૃતિ રચ્યાનો ઉલ્લેખ મળે છે તે બધી હજી સુધી તો મળી આવી નથી. કાળ કેટલીકને સ્વાહા કરી ગયો હોય તો ના નહિ.

આ પરિસ્થિતિમાં એ બનવાજોગ છે કે એમણે રચેલાં બધાં સ્તવનો સચવાઇ નહીં રહ્યાં હોય-આજે પ્રાપ્ય નહિ હશે. આજથી ૨૦ વર્ષો ઉપર-ઇ. સ. ૧૯૩૬માં જે સ્તવનો ઉપલબ્ધ જણાયાં તેને તે સમયે ગૂર્જર સાહિત્યસંગ્રહ (ભા. ૧)માં નિમ્નલિખિત નામથી અને ક્રમથી રજૂ કરાયા છે:-

(૧) ચોવીશી-પહેલી, (૨) ચોવીશી-બીજી, (૩) ચોવીશી-ત્રીજી (ચૌદ બોલની), (૪) વિહરમાન-જિન-વીશી, (૫) નવનિધાન-સ્તવનો, (૬) વિશિષ્ટ-જિન-સ્તવનો. (૭) સામાન્ય જિનસ્તવનો [1](પદો), (૮) શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન, (૯) નિશ્ચય વ્યવહારગર્ભિત શ્રી **શાંતિજિનસ્તવન**, (૧૦) નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી **સીમંધર**સ્વામીસ્તવન, (૧૧) શ્રી**સીમંધર**સ્વામીની વિનતિરૂપ નયરહસ્યગર્ભિત સવાસો ગાથાનું સ્તવન, (૧૩) કુમતિમદગાલન શ્રી **વીર**-સ્તુતિરૂપ ૧૫૦ ગાથાનું હુંડીનું સ્તવન, (૧૩) સિદ્ધાંત-વિચારરહસ્યગર્ભિત ૩૫૦ ગાથાનું શ્રી **સીમંધર** જિન [2]સ્તવન, અને (૧૪) શ્રી **વર્ધમાન** જિન [3]સ્તવન[4]

**દસમતસ્તવન**-તો ઘણા વર્ષોથી ઉપલબ્ધ છે, પણ કોઇ કારણસર એને **ગૂ. સા. સં.**માં સ્થાન અપાયું નથી. નવ કડીનું **ગોડી-પાર્શ્વનાથસ્તવન** પહેલાં ઉપલબ્ધ હતું નહિ એટલે એ ન હોય તે સ્વાભાવિક છે. આ ઉપરાંતનું ઉપાધ્યાયજીનું રચેલું કોઇ સ્તવન છેલ્લા વીશ વર્ષોમાં કોઇ સ્થળેથી પ્રસિદ્ધ

---

૧ **ઐન્દ્રસ્તુતિ વીરસ્તોત્ર**, (ન્યાયખંડખાદ્ય), **આદિજિન-સ્તવન** (પુંડરીક ગિરિરાજ સ્તોત્ર), 'ગોડી' પાર્શ્વનાથ-સ્તવન, ત્રણ 'શંખેશ્વર'-પાર્શ્વજિન-સ્તોત્ર, વાણા-રસીમાં રચેલું **પાર્શ્વ જિન-સ્તોત્ર** અને 'શમીન' પાર્શ્વજિન સ્તોત્ર.

૧. આના પછી 'આધ્યાત્મિક પદો' છે. એ સામાન્ય રીતે ગણાય નહિ એટલે એનો અહીં મેં નિર્દેશ કર્યો નથી.

૨ આના પછી 'સ્વાધ્યાયાદિ વિભાગ' છે.

૩. આ સ્તવન લગભગ અંતમાં (પૃ. ૫૨૦)માં અપાયું છે.

૪. એકંદર ૧૫૮ (૨૪+૨૪+૨૪+૨૦+૯+૩૯+૧૧+૧+૧+૧+૧+૧+૧+૧) સ્તવનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાયું હોય તો તેની મને ખબર નથી. આમ હોવાથી ગૂ. સા. સં.(ભા. ૧)માં છપાવાયેલાં સ્તવનો એ આ લેખનો મુખ્ય વિષય છે. વિશેષમાં સો ગાથા ઉપરનાં સ્તવનોને હું 'બૃહત્સ્તવન' ગણું છું એટલે એવા [1]ત્રણ સ્તવનો અત્ર અભિપ્રેત નથી. એ ત્રણ સ્તવનો તે ઉપર્યુક્ત સવા સો, દોઢ સો અને સાડી ત્રણ સો ગાથાના સ્તવનો છે.

ઉપર્યુક્ત ત્રણે 'ચોવીશી'માં ચોવીસ ચોવીસ સ્તવનો છે; 'વિહરમાન જિનવીશી'માં વીસ છે; નવ નિધાનસ્તવનો નવ છે; 'વિશિષ્ટ જિનસ્તવનો' ૩૯ છે અને નેમ–રાજુલનાં ૭ ગીતોને–પદોને એક કૃતિ ગણતાં 'સામાન્ય જિનસ્તવનો' ૧૧ છે. આમ કુલ્લે ૭૨ (૨૪×૩)+૨૦+૯+૩૯+૧૧=૧૫૧ લઘુ સ્તવનો ઉપરાંત [2]ચાર લઘુ સ્તવનો ગૂ. સા. સં. (ભા ૧)માં અપાયાં છે. આ એકંદર ૧૫૫ સ્તવનોમાંથી મેં અત્યાર સુધીમાં પહેલાં ૧૦૧ સ્તવનોની રૂપરેખા મારા નિમ્ન લિખિત ત્રણ લેખ દ્વારા આલેખી છે એટલે હવે બાકીનાં ૫૪ સ્તવનો જ વિચારવાના રહે છે.

(૧) 'વાચક યશોવિજયની ચોવીશીઓ'–'જૈન સત્ય પ્રકાશ' (વ. ૨૧, અં. ૧૦).

(૨) " ૭ બોલની વિહરમાણ–જિન–વીસીનું વિહંગાવલોકન " 'જૈન ધર્મ પ્રકાશ' (પૃ. ૭૨, અં. ૧૧)

(૩) "નવનિધાન નવસ્તવનો"–આત્માનંદ પ્રકાશ (પૃ. ૫૩, અં. ૧૧–૧૨). આ ૧૦૧ (૭૨+૨૦+૯) સ્તવનો પૈકી બીજી ચોવીશીમાંનું બાવીસમું સ્તવન તેમજ નવનિધાન નવ સ્તવનો હિન્દીમાં છે, જ્યારે બાકીનાં ૯૧ સ્તવનો ગુજરાતીમાં છે.

**ચાર લઘુ સ્તવનો**–આમાં નિશ્ચય વ્યવહારગર્ભિત બે સ્તવનો છે. એને અંગે મેં મારા લેખ નામે "વાચક જશનાં નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો"માં વિચાર કર્યો છે અને એ લેખ: 'આત્માનંદ પ્રકાશ (પુ. ૫૫, અં. ૪)માં પ્રસિદ્ધ થયો છે એટલે બાકીના નિમ્નલિખિત બે લઘુ સ્તવનો વિશે થોડુંક કહીશ.

(૧) મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન.

(૨) વર્ધમાન–જિનસ્તવન.

[1]પ્રથમ સ્તવન બાર ઢાલમાં ગુજરાતીમાં રચાયું છે. એમાં સાતમી અને અગિયારમી ઢાલ ૭ ૭ કડીમાં છે, જ્યારે બાકીની ઢાલો પાંચ પાંચ કડીમાં છે. અંતમાં એક કડીનો 'કળશ' છે. આમ આ સ્તવનમાં એકંદર ૬૩ કડી છે.

આ સ્તવન ખંભાતમાંના ચાતુર્માસ દરમ્યાન વિ. સં. ૧૭૩૨માં રચાયું છે. એમાં પાંચ ભરત અને પાંચ ઐરાવત એ દસ ક્ષેત્રની અતીત, વર્તમાન અને અનાગત એ ત્રણ ચોવીસીમાં જે ત્રણ ત્રણ તીર્થંકરોનાં મૌન એકાદશીએ એટલે કે માગશર સુદ અગિયારસે કલ્યાણક થયેલ છે એ નવ નવ તીર્થંકરનાં નામ ભરતાદિ દસ ક્ષેત્રો આશ્રીને ઢાલ ૩–૧૨માં રજૂ કરાયાં છે. આમ ૯૦ તીર્થંકરોનાં નામ અપાયાં છે. આ ૯૦ તીર્થંકરો પૈકી ૩૦નાં ત્રણ ત્રણ કલ્યાણક અને બાકીના ૬૦નું એકેક કલ્યાણક મૌન એકાદશીએ છે. આમ એકંદર ૧૫૦ (૯૦+૬૦) કલ્યાણક થાય છે.

**[2]વર્ધમાન–જિન–સ્તવન નામનું દ્વિતીય સ્તવન**

૧. આને અંગે મેં "ન્યાયાચાર્ય યશોવિજય ગણિના ત્રણ બૃહત્સ્તવનો" નામના મારા લેખમાં વિચાર કર્યો છે. આ લેખ 'જૈન સત્ય પ્રકાશ' (વ. ૨૨, અં. ૭)માં છપાયો છે.

૨. આ ચાર સ્તવનો તે ૧૫૦ કલ્યાણકનું સ્તવન, નિશ્ચય વ્યવહારગર્ભિત બે સ્તવનો અને શ્રી વર્ધમાન–જિન સ્તવન છે.

૧. આ સ્તવન ગૂ. સા. સં. (ભા. ૧, પૃ. ૧૮૬–૯૬) માં છપાયું છે, પરંતુ પૃ. ૧૯૬માં કહ્યા મુજબ કેટલેક સ્થળે જૂની ભાષાને બદલે ચાલુ ભાષા રખાય છે એ ઠીક ન ગણાય.

૨. આ સ્તવન ગૂ. સા. સ. (ભા. ૧ પૃ. ૫૨૦) માં છપાયું છે. એમ લાગે છે કે વિશિષ્ટ–જિન–સ્તવનો અને સામાન્ય–જિન–સ્તવનો પછી "આધ્યાત્મિક પદો" વગેરે છપાઇ ગયા બાદ આ સ્તવન તરફ લક્ષ્ય ગયું હશે; નહિ તો આવી વ્યવસ્થા કેમ સંભવે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત કડીમાં ગુજરાતીમાં રચાયું છે. એમાં મહાવીરસ્વામીને સોભાગી, વૈરાગી, અરૂપી અને તરણુ-તારણુ કહ્યા છે. વળી પત્થર પણુ કોઈ તીર્થના પ્રભાવે તરે એમ હે પ્રભુ! તારે શરણે વળગેલા અમે પણુ તમારા પ્રતાપે તરશું એમ કર્તાએ કહ્યું છે.

**નવ સામાન્ય જિન-સ્તવનો**—જે સ્તવનો કોઈ પણુ તીર્થંકરને અંગે ઘટી શકે–જેમાં તીર્થંકરસ્વરૂપ વિષય હોય તેને સામાન્ય "જિન સ્તવન" કહે છે. એ દૃષ્ટિએ વિચારતાં નિમ્નલિખિત બે કૃતિઓનો અહીં ઉલ્લેખ થઈ ન શકે, જો કે ગૂ. સા. સં. (ભા. ૧) ની અનુક્રમણિકા (પૃ. ૧૭) માં તેમ કરાયું છે:-

(૧) નેમ-રાજુલનાં છ ગીતો-પદો[1]
(૨) સિદ્ધસહસ્રવર્ણનનામ છંદ.

આ પરિસ્થિતિમાં હું આ બંને કૃતિઓનો પરિચય અહીં આપતો નથી એટલે કે નવનો જ આપું છું.

આ નવે સ્તવનો હિન્દીમાં છે, વિશેષમાં "**प्रभु! मेरे अयसी आय बनी**" થી શરૂ થતા સ્તવનને બાદ કરતાં બાકીનાં આઠે 'પદ' છે. એના ક્રમાંક નીચે મુજબ છે.–

૯, ૧૨, ૧૯, ૫૪, ૫૫, ૬૦, ૬૧ અને ૭૦.

નવ સ્તવનો પૈકી પાંચમા, છઠ્ઠા અને સાતમા એ ત્રણુ સ્તવનોને છોડીને બાકીનાના રાગ નીચે મુજબ દર્શાવાયા છે:-

આસ્યાવરી, સામેરી, વેલાવેલ, ધન્યાશ્રી અથવા ગુર્જરી, કનડો અને કાફી.

નવ સામાન્ય જિન-સ્તવનોની કડીની સંખ્યા નીચે પ્રમાણે છે.

૪, ૫, ૫, ૩, ૪, ૩, ૪, ૪ અને ૩

આમ એકંદર ૩૫ કડી છે.

આ નવ સ્તવનોના મુખ્ય વિષય અનુક્રમે નીચે મુજબ છે.

(૧) મનોવ્યથા, (૨) પ્રભુ પ્રત્યે પૂર્ણ રાગ, (૩) પ્રભુનું પ્રવચન, (૪) પ્રભુનું શરણુ, (૫) પ્રભુના દર્શનથી કર્તાને આનંદ, (૬) પ્રભુ સાથે તન્મયતા, (૭) પ્રભુના ગુણુનું ધ્યાન, (૮) પરમાત્માનું સ્વરૂપ અને (૯) પ્રભુની યાચના.

૩૯ **વિશિષ્ટ જિન-સ્તવનો**—ગુ. સા. સં. (ભા. ૧)માં વિશિષ્ટ જિન સ્તવનોના નામથી જે ૩૯ સ્તવનો અપાયાં છે તેમાં "આંતરોલીમંડન વાસુપૂજ્ય જિનસ્તુતિનો–ચાર પદ્યની થોયનો પણુ સ્તવન તરીકે ઉલ્લેખ છે. એટલે એ તો સ્તવન ન ગણાય. એવી રીતે **ગૌતમ પ્રભાતિ** નામનું સ્તવન તીર્થંકરનું નહિ હોવાથી એ પણુ જિનસ્તવન ન ગણાય, આ હિસાબે વિશિષ્ટ જિન સ્તવનોની સંખ્યા ૩૭ ની છે. તેમાં ૧૯ ગુજરાતી છે અને ૧૮ હિન્દી છે.

ઓગણીસ ગુજરાતી સ્તવનો પૈકી સોળ સ્તવનો આઠ તીર્થંકરોને અંગેનાં છે. ત્યારે બાકીનાં ત્રણુ અનુક્રમે વિમલાચળ યાને શત્રુંજય તીર્થ, સમવસરણુ અને જિનબિંબસ્થાપન પરત્વે છે. સોળ સ્તવનો જે જે તીર્થંકરને ઉદ્દેશીને તે તે તીર્થંકરનું નામ અને એને અંગેની સ્તવન સંખ્યા નીચે પ્રમાણે છે:-

| | | |
|---|---|---|
| (૧) ઋષભદેવનું સ્તવન | | [૧] |
| (૨) તારંગામંડન અજિતનાથનું સ્તવન | | [૧] |
| (૩ અ) સુપાર્શ્વનાથનું સ્તવન | | [૨] |
| (૩ આ) મલકાપુર મંડનપાર્શ્વનાનું સ્તવન | | |
| (૪) ઉન્નતમંડન શાન્તિનાથનું સ્તવન | | [૧] |
| (૫) નેમિનાથનું સ્તવન | | [૧] |
| (૬ અ) પાર્શ્વનાથનાં બે સ્તવનો | [૨] | [૬] |
| (૬ આ) કલ્હારા ,, | [૧] | |
| (૬ ઇ) ગોડી ,, | [૧] | |
| (૬ ઈ) ચિન્તામણિ ,, | [૧] | |
| (૬ ઉ)[1] સુરતમંડન ,, | [૧] | |

૧ આમાં નેમિનાથનું નામ છે. એ હિસાબે આ કૃતિને "વિશિષ્ટ-જિન-સ્તવન" કદાચ ગણાય. એમ કરનાર પૃ. ૫૧૯ ગત જિન-ગીતને "સામાન્ય-જિન-સ્તવન" ગણે તો તે ક્ષંતવ્ય ગણાય.

૧ આની કર્તાને હાથે લખેલી હાથપોથી મળે છે. જુઓ ગુ. સા. સં. (ભા. ૧, પૃ. ૧૦૨). આ સ્તવન અહીંના—સુરતના ગોપીપુરામાં વકીલવાળાના ખાંચામાં આવેલા ધર્મનાથના દહેરાસરના ભોંયરામાંના સૂરજમંડન પાર્શ્વનાથને ઉદ્દેશીને હોય એમ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) રાજનગરમંડન મહાવીરસ્વામીનાં ત્રણ સ્તવન [૩]
(૮) સીમન્ધરસ્વામીનું સ્તવન [૧]

અશુદ્ધ હિન્દી સ્તવનો સાત તીર્થંકરને અંગેનાં છે :—

(૧) ઋષભદેવનાં ત્રણ સ્તવન [૩]
(૨) [1]અભિનન્દનનાથનું સ્તવન [૧]
(૩) શીતલનાથનું એક સ્તવન [૧]
(૪) શાન્તિનાથનું એક સ્તવન [૧]
(૫) નેમિનાથનાં બે સ્તવન [૨]
(૬ અ) પાર્શ્વનાથનાં ચાર સ્તવન [૪]
(૬ આ) અંતરિક્ષ પાર્શ્વ૦નાં બે સ્તવન [૨]
(૬ ઇ) શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન [૧] } [૭]
(૭) મહાવીરસ્વામીનાં ત્રણ સ્તવનો [૩]

**દસમતસ્તવન**–આ સ્તવન ઘણાં વર્ષોથી મળે છે. તેમ છતાં ઉપર સુચવાયા મુજબ એને ગુ. સા. સં૦ માં સ્થાન અપાયું નથી તો તેનું શું કારણ હશે? શું એ ન્યાયાચાર્યની કૃતિ જ નથી એવું કોઈ પ્રબળ પ્રમાણ મળે છે ખરું? એ ન મળે ત્યાં સુધી આ સ્તવનનો અંતિમ ભાગ તેમજ આ સ્તવનની સાક્ષીપાઠપૂર્વકની રચના વિચારી હું એને ન્યાયાચાર્યની કૃતિ ગણું છું. એ વિ. સં. ૧૭૩૨માં કે પછી વિ. સં. ૧૭૩૪માં રચાયું છે. આ ગુજરાતી સ્તવનની શરૂઆત ત્રણ દુહાથી કરાઇ છે. ત્યારપછી છ ઢાલ અને અંતમાં ત્રણ કડીનો કળશ છે. છ ઢાલમાં એકંદરે ૭૨ કડી છે. આ સ્તવનમાં દિગંબર, પૂનમિયા, ખરતર વગેરે મત વિષે વિચાર કરાયો છે. અહીં જે શાન્તિદાસ વિષે ઉલ્લેખ છે તેમનાં મંતવ્યાદિ વિષે વિશેષ માહિતી મેળવવી બાકી રહે છે. આ સ્તવન "જૈન પ્રાચીન પૂર્વાચાર્યોવિરચિત સ્તવનસંગ્રહ" (પત્ર ૧૩૭ આ–૧૪૨ આ)માં છપાયું છે.

**ગોડી પાર્શ્વનાથસ્તવન**—આ નવ કડીની ગુજરાતી કૃતિ શ્રી **યશોવિજય સ્મૃતિગ્રન્થ**માં પૃ. ૨૫૬માં જોવાય છે. એ પૂર્વે આ કૃતિ કોઇ સ્થળેથી પ્રસિદ્ધ કરાઇ હોય તેમ જાણવામાં નથી. આ સ્તવનમાં પ્રભુની સેવા કર્તાને પ્રિય છે એમ કર્તાએ દર્શાવ્યું છે. એ માટે ચન્દ્ર અને ચકોર, મેઘ અને મોર તેમજ હાથી અને રેવા એમ ત્રિવિધ ઉદાહરણો અપાયાં છે. પાર્શ્વનાથની વાણી સર્વ નયને અનુસરે છે, જ્યારે અજૈન દેવો માટે તેમ નથી એ વાતનો અહીં નિર્દેશ કરાયો છે. કર્તાએ અંતમાં પોતાનો પરિચય 'વાચક જશ' તરીકે આપ્યો છે.


આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં આ લેખદ્વારા લઘુ સ્તવનોની આછી રૂપરેખા આલેખી છે. આ ઉપરાંતનાં જે લઘુ સ્તવનો–ગુજરાતી કે હિંદી ન્યાયાચાર્યનાં જ રચેલાં હોય તે પ્રત્યે મારું લક્ષ્ય કોઇ સહૃદય સાક્ષર તરફથી ખેંચાશે તો તે સ્તવનોને અંગે ઘટતું કરાશે.

---

૧ આમાં ગુજરાતીનો પણ અંશ છે. એવી રીતે અન્યત્ર સમજી લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીરભક્ત કામદેવ

કા. જ. દોશી

એક વાર દેવોની સભા મળી. દરેક દેવો ઇન્દ્રના સિંહાસનની આસપાસ બેઠા. તે વખતે મનુષ્યલોકની વાત નીકળતા ઇન્દ્રે કહ્યું, “હે દેવો, ભારતવર્ષમાં એક ઘણો જ ધર્મનિષ્ઠ શ્રાવક રહે છે, તેનું નામ કામદેવ. તેની ધર્મશ્રદ્ધા એટલી અચળ છે કે તેની શ્રદ્ધામાંથી કોઈ તેને ડગાવી શકે નહિ.”

એક મનુષ્યની આવી પ્રશંસા સાંભળી એક દેવને મનમાં થયું, “શું તે માણસને ધર્મશ્રદ્ધામાંથી કોઈ ન ચળાવી શકે ? શું મારા જેવો દેવ પણ તેને નહિં ચળાવી શકે ? આટલી બધી દેવોની પણ સામે ટક્કર ઝીલવાની તેનામાં શક્તિ હશે ? જોઉં છું, તે કેમ તેની શ્રદ્ધામાં અડગ રહી શકે છે ?”

ઇન્દ્રને પણ જેની પ્રશંસા કરવી પડે અને દેવોને પણ જેની અદેખાઈ થાય તેવો સદ્‌ગૃહસ્થ કામદેવ ચંપાનગરીમાં રહેતો હતો. તેની પત્નીનું નામ ભદ્રા. તે પૈસેટકે સુખી હતો.

એક વાર ચંપાનગરીમાં ભગવાન મહાવીર પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળી સાધુધર્મ અંગીકાર કરવા અસમર્થ હોવાથી તેણે ગૃહસ્થના બાર વ્રત અંગીકાર કર્યા.

ગૃહસ્થના બાર વ્રતનું પાલન કરતા કરતા ચૌદ વર્ષ વીતી ગયા. જેમ જેમ વર્ષો વીતતા ગયા તેમ તેમ તેની ધર્મભાવના વધતી ગઈ અને વધારે સારી રીતે ધર્મનું પાલન થઈ શકે તે માટે ઘરનો બધો કારભાર પોતાના મોટા પુત્રને સોંપી પૌષધશાળામાં રહેવા લાગ્યો. અહીં તે આત્મધ્યાનમાં લીન બની રહેવા લાગ્યો.

તેની આવી ધર્મશ્રદ્ધા જોઈ ઇન્દ્રે તેની દેવોની સભામાં પ્રશંસા કરી અને એક દેવે તેને ધર્મશ્રદ્ધાથી ચલિત કરવા નિશ્ચય કર્યો.

તે દેવે પહેલા પિશાચનું રૂપ લઈ ખૂબ ડરાવ્યો તો પણ કામદેવ તો પોતાના ધ્યાનમાં જ લીન. તે દેવે પછી હાથીનું તેમજ સર્પનું રૂપ લઈ અનેક રીતે તેને દુઃખો આપ્યાં પણ કામદેવ જરા પણ ડર્યો નહિ કે ડગ્યો નહિ. વીરનો અનુયાયી તો વીર જ હોય ને !

કામદેવની ધર્મમાં આટલી શ્રદ્ધા જોઈ દેવ મંત્ર-મુગ્ધ બન્યો. તેને આવા મહાપુરુષને દુઃખ આપવા બદલ પશ્ચાત્તાપ થયો. પછી તેણે પોતાનું અસલ દિવ્ય રૂપ ધારણ કરી કામદેવની માફી માગી અને તેની ખૂબ જ પ્રશંસા કરી.

આટલા દુઃખો સહન કરવા છતાં કામદેવ ડગ્યો નહિ તેમ તેની પ્રશંસા થઈ ત્યારે પણ તેને જરાય ગર્વ થયો નહિ, તેથી તો તેની ધર્મશ્રદ્ધા ખૂબ વધી, તે કસોટીમાંથી પાર ઉતર્યો એટલે તેણે વધારે મક્કમતાથી ધર્માચરણ કરવાનો નિરધાર કર્યો.

આમ કરતા ફરી વાર ભગવાન મહાવીર ફરતા ફરતા ત્યાં આવ્યા. આ સમાચાર સાંભળી સૌ માણસો તેમનું પ્રવચન સાંભળવા ગયા. કામદેવ પણ ભગવાન મહાવીરના દર્શનાર્થે ત્યાં ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન મહાવીરની અમૃતવાણી વરસવા લાગી. સાધુસમુદાય તથા ગૃહસ્થસમુદાય એકચિત્તે ભગવાન મહાવીરની વાણીના અમૃતરસનું પાન કરવા લાગ્યાં. ભગવાન મહાવીરે કહ્યું, "હે મહાનુભાવો, ધર્મ પર શ્રદ્ધા રાખી દરેક કાર્ય કરવું જોઇએ. મુશ્કેલીમાં પણ ધર્મ પરની શ્રદ્ધા ટકી રહે તે માટે જાગૃત રહેવું જોઇએ; આ કામદેવ ઘણી મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાની શ્રદ્ધામાંથી ચલિત થયો નહિ. આવો એક ગૃહસ્થ પણ પોતાની ધર્મશ્રદ્ધામાં જાગૃત અને પ્રયત્નશીલ હોય તો અડગ રહી શકે છે, તો સાધુ સમુદાયે તો જરૂર વધારે જાગૃત રહેવું ઘટે."

વ્યાખ્યાન શ્રવણ પછી સૌ પોતપોતાને સ્થાને ગયા. સુશ્રાવક કામદેવ પણ તે પછી ઉત્તરોત્તર આત્માની પ્રગતિ માટે પ્રયત્નશીલ બન્યો. વધુ જોમ અને જુસ્સાથી તેણે ધર્માચરણ કરવાનું ચાલુ રાખ્યું. અગ્યાર પ્રતિજ્ઞા અંગીકાર કરીને છેવટે મારણાંતિક સંલેખના સ્વીકારી, મૃત્યુને ભેટીને ઊચ્ચ ગતિ મેળવી.


ધન્ય છે વીરભક્ત કામદેવની ધર્મશ્રદ્ધાને ! ધન્ય શ્રદ્ધાપ્રેરક શ્રી મહાવીરની વાણીને !

# વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ

માર્ચ ૧૯૫૮માં લેવાયેલી સેકંડરી સ્કુલ સર્ટીફીકેટની પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. નિયત અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંકરોડ, મુંબઇ ૨૬ ની ઓફીસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૫મી જુલાઇ ૧૯૫૮ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહંકાર એ પતનનો પ્રારંભ !

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ-'સાહિત્યચંદ્ર'

અહંકાર અને અભિમાનમાં ફેર છે. મનુષ્ય પોતાનું સ્વાભિમાન રાખી શકે છે. ગમે તે થાય પણુ મારા હાથે અમુક કાર્ય તો નહીં જ થાય. અગર અમુક કાર્ય તો હું કરીશ જ, એવું સ્વાભિમાન એ રાખી શકે. પોતાના કૂલનો, પોતાની પરંપરાનો એ અભિમાની હોઈ શકે, પોતે લીધેલ પ્રતિજ્ઞા કે વ્રતનું અભિમાન એને હોવું જોઇએ. અને પ્રાણાંતે પણુ તેનું પાલન કરવાની તે પ્રતિજ્ઞા ધારણુ કરી શકે. પોતાના ધર્મનું અભિમાન અને ગૌરવ કોઈ ન રાખે તો તે મૂઢ જ ગણાય. તેમજ પોતાના દેશનું અભિમાન રાખવામાં આપણે આપણું કર્તવ્ય જ કરીએ છીએ એમ માનવામાં કાંઇ હરકત ન હોય. કોઇ વચન અને વિશ્વાસ આપણે ઉચ્ચારી રહ્યા હોઇએ, તેનું પાલન કરવું એ આપણું સ્વાભિમાન નિરપેક્ષ રહેવું જોઇએ. બોલી જતા તો બોલી જઇએ અને પાલન કરતી વખતે અખાડા કરીએ એ મૂર્ખાઇ ગણાય, એમાં શંકા નથી. સ્વાભિમાનના પાલનમાં આપણી મક્કમતા તથા સચ્ચાઈ પ્રતીત થાય છે માટે સ્વાભિમાન એ આદરણીય ગણાય છે.

પૂર્વોક્ત સ્વાભિમાન જ્યારે અહંભાવની કોટીમાં જઇ બેસે છે ત્યારે તે આત્માને ઊંચે ચઢાવવાને બદલે નીચે જ ઉતારી દે છે, એ ભૂલી શકાય તેમ નથી. પોતે જ પોતાને બીજાઓથી મોટા ગણવું એની એ ભાવના હોય છે. તે ગુણ સ્વાભિમાન નહીં પણુ અહંકાર ગણાય છે. અહંકારી માનવ પોતાને બીજાઓ કરતાં ઊંચો ગણે છે અને તેથી જ બીજા પોતાના જ બંધુઓને તુચ્છ ગણે છે, એમ ગણી પોતે કોઇ માનવ મટી અતિમાનવની કોટીમાં પોતાને ગણવા માંડે છે. અને એમ થવાથી એનો અહંભાવ લોકોમાં નિંદનીય તો થાય છે જ, પણુ એનું પોતાનું પતન પણુ આરંભાય જ છે. ગમે ત્યાંથી ગુણુ ગ્રહણુ કરવાની એની શક્તિ નષ્ટપ્રાય થઈ જાય છે. **बालादपि सुभाषितं ग्राह्यम्** એટલે પ્રસંગાનુસાર બાલજીવમાં પણુ સારી વસ્તુ હોય તો તે ગ્રહણુ કરવામાં ડાહ્યા માણસો પોતાનું ભૂષણુ માને છે, એમાં દોષ સમજતા નથી. પણુ અહંભાવ ધારણુ કરનારો માનવ અહંકારના કારણે કોઇ પાસેથી પણુ ગુણુ ગ્રહવા માટે તૈયાર હોતો નથી. બીજાની પાસે ખુલ્લા મને બોલવામાં પણુ એ પોતાનું ગૌરવ હણાય છે એમ માને છે. અને આમ થવાથી એના જ્ઞાન મેળવવાના માર્ગો બંધ જ થઇ જાય છે. પોતા કરતા બીજાઓમાં કાંઇ વધુ હોવાનો સંભવ એ જોતો જ નથી. મતલબ કે, પોતાના અહંકાર નામક રોગમાં એ એટલો બધો ગ્રસિત થઈ ગએલો હોય છે કે, એની દૃષ્ટિ વ્યુદ્ગ્રાહિત થઇ ગએલી હોય છે, તેથી જ અમો કહીએ છીએ કે, એનો અહંકારી આત્મા પતનના માર્ગે જ કૂચ કરી ચાલ્યો જતો હોય છે.

અહંકારી મનુષ્યની વૃત્તિ બડાઇ કરવા તરફ વધુ ને વધુ ઢળતી જાય છે. અને એને પોતાનું જ્ઞાન બીજા આગળ પ્રદર્શિત કરવાનો મોહ હરઘડી રોકી શકવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તિ જ નષ્ટ થઇ જાય છે. અને તેને લીધે જ દરેક પ્રસંગે ડંફાસ મારવાનો રોગ એને લાગુ પડી જાય છે. અને તે માટે એને બીજાઓની ડગલે ને પગલે નિંદા કરવાનો મોહ ઉત્પન્ન થાય છે. અને આમ કરતાં અનેકોના મન દુભવવાના પ્રસંગો ઊભા થાય છે. અને પ્રસંગોપાત વાદવિવાદ, કલહ-કંકાસ પણ ઉત્પન્ન થાય છે ત્યારે લોકનિંદાને પાત્ર થવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થાય છે. આવા પ્રસંગે વાસ્તવિક રીતે મૌન ધારણ કરવું ઉચિત છતાં એ દલીલબાજીના ગોળા ફેંક્યા જ કરે છે. અને હારજીતના મોટા પ્રસંગો ઉપસ્થિત કરી એ પોતાને યશસ્વી વીર કહેવડાવવામાં મોટું ગૌરવ માને છે. પોતાના આત્મામાં રહેલા નાના ગુણોને પણ એ મોટું રૂપ આપી ખૂબ જ ફૂલાય છે. આત્માના ગુણો ઝીરવવાની એની શક્તિ તદ્દન નિર્બળ બની જાય છે, એ કેટલી હદે જાય છે એ આપણે જોઇએ.

મહાલબ્ધિનિધાન પરમઋષિવર્ય પ્રભુ ગૌતમ ગણધર મહારાજના આત્માને પોતાના જ્ઞાનપ્રભાવથી અને ક્ષયોપશમના ઉત્કર્ષમાંથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થએલી હતી. સામાન્ય નિસર્ગ નિયમોથી પર એવી સિદ્ધિઓ એઓ મેળવી શકતા હતા, પણ એ એમની અદ્‌ભુત શક્તિ ક્યારે જોવામાં આવી ? તેઓ અષ્ટાપદ પર્વતની તળેટીમાં ગયા હતા. ત્યાં પંદરસો તાપસો અનેક દિવસની તપસ્યા કરી રહ્યા હતા. તેમને પારણું કરાવવાનું હતું પણ પૂરતું ભોજન ત્યાં મળી શકે તેમ ન હતું, તેથી એક નાના પાત્રમાં લાવેલ ક્ષીરમાં પોતાનો અંગૂઠો મૂકી બધા સંત મહાત્માઓને તેમણે પારણું કરાવ્યું. શું એટલી જ લબ્ધિ તેમની પાસે હતી ? તેઓએ આટલી જ લબ્ધિનું કાર્ય કરી બતાવ્યું ન હોત તો તેમની પાસે આવી લબ્ધિઓ હશે એવા જાણ થવાનો સંભવ પણ ઘણો ઓછો હતો. એ તો પ્રસંગોપાત વસ્તુ જણાઇ ગઈ એટલું જ. એઓ સૂક્ષ્મ પરમાણુઓને ક્ષણવારમાં સ્થૂળરૂપમાં પરિણમાવી શકતા હતા. જડપુદ્‌ગલના નિયમો બદલાવી શકતા હતા. પણ એવો ચમત્કાર જગતને બતાવવાનો મોહ એમને હતો જ નહીં. એમનામાં પોતાના અદ્‌ભુત ગુણો ઝીરવવાની શક્તિ હતી. તેઓ જરા જરા વાતમાં પણ પોતાની બહાદુરી બતાવવાનો પ્રયત્ન કરત તો કદાચ એ લબ્ધિઓ નષ્ટ થઇ જવામાં વિલંબ લાગ્યો ન હોત, કારણ અહંતા એ આત્માનું પતન થવામાં મોટો ભાગ ભજવે છે. અહંકાર એ જડતા છે. એ એક જાતનો ભાર છે અને ભાર હમેશ નીચે જ જાય એ સ્વાભાવિક છે, માટે જ કોઇ કારણસર આપણામાં અમુક જાતની ગુરુતા આવી જાય ત્યારે આપણે ફૂલાવું નહીં જોઇએ.

જ્યારે કોઇની પાસે દ્રવ્ય આવી મળે છે ત્યારે એને લાગે છે કે, હું મોટો થઇ ગયો છું. સામાન્ય માણસો સાથે મારે હળીમળી રહેવું નહીં જોઇએ. અને હું મારો પોતાનો જુદો ચોકો શરૂ કરી દઉં. પરિણામે એ સહજીવનનો આનંદ મેળવવાથી વંચિત રહે છે અને એનાં એ અહંકારના પરિણામે બીજા પોતાના જ ભાઇબંધોના તિરસ્કારને પાત્ર બને છે. અને એ અનેક સારા પ્રસંગોનો લાભ ઉઠાવી શકતો નથી. મતલબ કે એ એક દૃષ્ટિએ એકાંતિક જીવન જીવે છે. ભલે કેટલાએક ખુશામતિયાઓ એનો સાથ કરે છે, પણ એ બધા સ્વાર્થપ્રેરિત હોવાના કારણે એના જીવનમાં કૃત્રિમતા વધારે પ્રમાણમાં પેસી જાય છે. અને અહંકારને કારણે એના આત્માની ઉન્નતિ થવાને બદલે અવનતી જ થતી રહે છે. એટલે એના પતનનો પ્રારંભ અહંકારમાં થઇ જ જાય છે.

મહામુનિ ગૌતમસ્વામીને પ્રભુ મહાવીર પોતાનો નિર્વાણકાળ નિકટ જાણી આજ્ઞા કરે છે કે, ભો ગૌયમ ! તું દેવશર્માનામક બ્રાહ્મણને ઉપદેશ દેવા જા ત્યારે શ્રી ગણધર મહારાજ વિચાર કરે કે મારો દરજ્જો કેવો ! મારા હાથ નીચે અનેક શિષ્યોનો સમુદાય છતાં મને જ આવું સામાન્ય કામ શા માટે સોંપવામાં આવ્યું ? મારા જેવો પદવીધર ત્યાં જાય ત્યારે તે ગામડાના માનવો મારું બહુમાન સાચવશે કે નહીં ? મારું સામૈયું તેઓ કરશે કે નહીં ? મારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉતારાની કેવીક વ્યવસ્થા થશે? મારા માટે ઊંચી પાટ માંડવામાં આવશે કે કેમ? બધા લોકો મારી બરાબરીના આસને બેસી જશે કે શું? મારા શબ્દો ઝીલવામાં આવશે કે નહીં? મારી સાથે આદરભાવથી વર્તન કરશે કે તુચ્છતા દાખવશે? વિગેરે અનેક વિચાર કરી નાખત. અને પોતાની સાથે શિષ્યપરિવાર રાખી અગાઉ ખબર કરાવી બધી ગોઠવણ કરી રાખત. પણ તેમની પાસે પેલો અહંકાર નામક પિશાચ નાયક હતો જ કયાં? તેમની પાસે તો બાલસુલભ નિર્દોષ મન હતું. ગુરુની આજ્ઞા એમને મન એક જીવનનો લ્હાવો હતો. આનંદનો વિષય હતો. તેમના આત્મામાંથી એ અહંભાવના રાક્ષસીએ કયારનું પલાયન કર્યું હતું. એમના મનથી તો પ્રભુ મહાવીર ભગવાનની આજ્ઞા પહેલા પાળવાની હોય અને પછી જ બીજી વાત. આ દાખલા ઉપરથી આપણને ઘણું જાણવા મળે તેવું છે. પોતાના વ્યક્તિગત સ્વાર્થનું કે દરજ્જાનું એમને કાંઇ જ મહત્વ લાગતું ન હતું. એટલે જ તેઓ અહંકારથી પર હતા. અને ગુણસ્થાનોનો પરંપરામાં છેલ્લા પગથિયે જઇ રહ્યા હતા. પાછું વાળી જોવાની તેમને ફુરસદ જ કયાં હતી? ધન્ય એવા મુનિપુંગવોને! ધન્ય છે એમની નિરહંકાર વૃત્તિને! એથી જ તો અપૂર્વ એવું કેવળજ્ઞાન એમની આસપાસ ભમી રહ્યું હતું અને અવસરની જ તપાસ કરી રહ્યું હતું.

જૈન પરંપરાની કેવી મહત્તા છે એનો વિચાર કરતા જોવામાં આવે છે કે, આત્માને જ્યારે અનુક્રમે ઊંચે ચઢવાનું હોય છે ત્યારે જરા જેવો પણ બોજો તેને સાથે રાખવો પાલવતો નથી. બધી જ જડતા અને બધા જ કર્મોનો બોજો ફગાવી દીધેજ છૂટકો થાય છે. અહંકારને આત્માની પાછળ વળગેલો બોજો ગણ્યા વગર છૂટકો જ નથી. એ બોજો ફેંકી દેવો જ જોઇએ. અરે એટલો જડ ભાર તો શું પણ એકાદ ભાર પણ નહીં જણાય એવી પ્રશસ્ત ગણાતી ભાવના પણ અંતે આત્માને છોડ્યા વિના ચાલતું નથી, એ સુસ્પષ્ટ છે. મહાન્ યોગીશ્વર ગણધર મહારાજાને કોઇ ભારે કર્મોનો તો સર્વથા અભાવ હતો. એમની પાસે કેવળજ્ઞાનને અટકાવવા જેવું શું રહેલું હતું? રહ્યો હતો એક પ્રશસ્ત એવો ' રાગ '! એ રાગ પોતાના ગુરુ તીર્થંકર ભગવંત તરફનો જ હતો. એની પાછળ કોઈ ખોટો સ્વાર્થ ન હોતો. સ્વાર્થનો અંશ સરખો પણ ન હતો. એમની નસેનસમાં, લોહીના દરેક પરમાણુંમાં વીર શબ્દ રમી રહેલો હતો. વીરપ્રભુ એમનું સર્વસ્વ હતું. એમનું જીવન વીરમય થઇ ગયેલું હતું. પણ છેવટ એ હતો ' રાગ ' કેવળજ્ઞાનમાં રાગનો સમાવેશ થઇ શકે એમ ન હતું. પ્રભુ તો વીતરાગ હતા. એમની વીતરાગ અવસ્થા જ કલ્યાણકારિણી હતી. ગૌતમ ગણધર પાસે ભલે તે પ્રત્યક્ષ વીતરાગ પ્રભુ પ્રત્યેનો હોય છતાં હતો તો રાગ જ! એ કેમ ચલાવી લેવાય? ધન્ય છે વીતરાગપણાને! અને ધન્ય છે ધર્મરચનાને! કેવું નિર્ભેળ સત્ય! કેવું સુંદર વિજ્ઞાન!

એ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે, અહંની ભાવનાને આત્મા સાથે કોઇ રીતે રાખવી ચાલે તેમ નથી. અહંકાર કરતાં કર્તવ્યપ્રેમ વધુ ઊંચો છે. અને એ જ આત્માનો સાચો તારણહાર છે. એ અહંની ભાવના યથાશકય બધાઓમાંથી ઓછી થઇ આ સંસારચક્ર સુલભ થઈ અંતે નષ્ટ થાય એ જ શુભેચ્છા!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન—સાર્થ

સં. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી

**અનંતવીર્ય અરિહંત, સુણો મુજ વિનતિ;**
**અવસર પામી આજ કહું જે દિલ છતી.**
**આતમસત્તા હારી સંસારે હું ભમ્યો,**
**મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દંડયો. (૧)**

ભાવાર્થ:-હે અનંતવીર્ય વિહરમાન પ્રભુ, એક મારી અરજને સાંભળો. આજે હું અવસર પામીને ( એટલે સાચી જિજ્ઞાસારૂપ પાત્રતા પામીને ) આપને મારા દિલની સાચી હકીકત જણાવું છું. આત્માના નિમિત્તે બંધનરૂપ સંસારમાં, હું અનાદિ કાલથી ભમ્યો છું. અને ભમતાં, ભમતાં મિથ્યાત્વ, અવિરતિ ને કષાયોવડે ઘણો જ દંડાયો છું, દુઃખી થયો છું.

**ક્રોધ દાવાનલ દગ્ધ, માન વિષધર ડસ્યો,**
**માયા જાલે બદ્ધ, લોભ અજગર ગ્રસ્યો.**
**મન વચ કાયા જોગ, અચળ થયા પરવશા,**
**પુદ્ગલ પરિચય પાપતણી અહોનિશ દશા. (૨)**

ભાવાર્થ:-ક્રોધરૂપી દાવાનળથી બળી રહ્યો છું, માનરૂપી ઝેરી સાપથી ડસાયો છું, માયાની જાળથી બંધાયો છું, અને લોભરૂપી અજગરથી ગ્રસાયેલો છું, જેથી મન, વચન, કાયાના યોગો પરવશ થવાથી પુદ્ગલના પરિચયરૂપી પાપની દશામાં જ આત્મા રાચી રહ્યો છે.

**કામરાગે અણનાથ્યા, સાંઢ પરે ધસ્યો,**
**સ્નેહરાગની રાચે ભવપિંજર વસ્યો,**
**દ્રષ્ટિરાગ રૂચિ કામ પાય સમકિત ગણું,**
**આગમ રીતે નાથ, ન નીરખું નિજપણું. (૩)**

ભાવાર્થ:-બેલગામ સાંઢની જેમ કામરાગથી સ્વેચ્છાચારી થઈને સ્નેહરાગના યંત્રણથી નવા શરીરરૂપી પિંજરમાં વસ્યો છું અને દ્રષ્ટિરાગરૂપી કાચની મોહનીમાં મુગ્ધ બનીને સમ્યગ્જ્ઞાનને આગમ રીતે (યથાર્થ રીતે) મેં જાણ્યું નથી.

**અચરે અચરે રામ શુક પરે જપું,**
**ધર્મ દેખાડું માંડ, ભાંડ પરે અતિ લપું.**
**કપટ પટુ નટવા પરે, મુનિમુદ્રા ધરું,**
**પંચ વિષય સુખ પોષ સદોષ વૃત્તિ ભરૂં. (૪)**

ભાવાર્થ:-પોપટ જેમ રામ-રામ બોલે છે પણ તેને રામના રહસ્યની યા મહત્ત્વની ખબર પડતી નથી તેમ હું પણ મહામુશ્કેલીથી ધર્મની વાતો ફક્ત કરીને, ભાંડ ભવાઈયાની માફક બક્યા કરું છું. પરોપદેશે પાંડિત્યની જેમ બીજાને ઉપદેશ આપું છું. પોતામાં કાંઇ પરિણમન થતું જ નથી. વળી કપટમાં વિચક્ષણ થઈને નટવાની માફક મુનિવેષને ધારણ કર્યા છતાં પણ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં વિષયાસક્ત બનીને દોષિત જીવન ધારણ કરી રહ્યો છું.

**એક દિનમાં નવ વાર કરેમિ ભંતે કરું,**
**ત્રિવિધ ત્રિવિધ પચખાણે ક્ષણ એક નવિ ઠરું.**
**માસાહસ ખગ રીતિ નીતિ ઘણી કરું,**
**ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિર્વહું. (૫)**

ભાવાર્થ:-દિવસમાં અનેક વખત સાવદ્ય યોગના પચ્ચખાણની કરેમિ ભંતે ઉચ્ચરીને પણ એક ક્ષણ વાર પણ સ્થિરતા, એકાગ્રતા વા વિશુદ્ધતાને ધારણ કરી શકતો નથી. માસાહસ પક્ષીની રીતિની નીતિને ઘણું કરું છું છતાં ઉત્તમ કુળની વાટને એટલે સત્પુરુષે દર્શાવેલા સન્માર્ગમાં હું જરા પણ જીવનને રાખી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીનદયાલ કૃપાલ પ્રભુ મહારાજ છો,
જાણુ આગળ શું કહેવું ગરીબનિવાજ છો,
પૂરવ ધાતકી ખંડ વિજય નલિનાવતી,
નયરી અયોધ્યા નાયક લાયક જિનપતિ. (૬)

ભાવાર્થ:-હે દીનદયાલ, કૃપાલ દયાલ આપ તો સર્વ જાણો છો, માટે જાણકારની પાસે મારી પામરતાની વધારે શું વાત કહું ? આપ ગરીબના પાલણહાર છો. પૂર્વ ધાતકી ખંડના નલિનાવતી વિજયમાં અયોધ્યા નગરીના નાયક જિનપતિ છો.

મેઘ મહીપ મંગલાવતી, સુત વિજયાપતિ,
આનંદઘન, ગજલંછન, જગજન તારતી,
ક્ષમાવિજય જિનરાજ અપાય નિવારજો,
વિહરમાન ભગવાન સુનજરે તારજો. (૭)

ભાવાર્થ:-મેઘરાજા અને મંગલાવતીના પુત્ર, વિજયાદેવીના સ્વામિ, ગજના લંછનવાળા અને જગતના ભવ્યાત્માઓને તારનારા છો. આનંદના સમૂહરૂપ છો. ક્ષમાનો પણ વિજય કરનાર, હે ભગવાન, મારાં અનેક જન્મોના પાપોને નિવારીને સારી નજર મારા ઉપર રાખીને મને તારજો.

# સન્માન અને સ્વાગત

માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે ત્યારે એ ધર્મને બદલે ધનનું, સંતને બદલે સંપત્તિનું, વિરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન ને સ્વાગત કરે છે ! —ચિત્રભાનુ

માનવમાં અને બીજા પ્રાણીઓમાં એક જ મુખ્ય તફાવત છે. બીજા પ્રાણીઓને બુદ્ધિ નથી ત્યારે માનવમાં એ વિશેષતા છે. માનવ એ બુદ્ધિ દ્વારા અનેક સારા નરસા કાર્યો કરી શકે છે. બુદ્ધિ દ્વારા જ એ સારાસારનો વિવેક કરી શકે છે. એ ધારે તો જીવનને વિકસાવી શકે છે અને એ જો બુદ્ધિનો દુરુપયોગ કરે તો વિલાસના ઊંડા ખાડામાં ઉતરી પડે છે.

માનવ જો જાગ્રત રહી સદ્‌વિચાર અને સદ્‌વર્તન દ્વારા ઊંચે જવાનો જ પ્રયત્ન કરે તો જરૂર પ્રગતિ કરવાનો. એ જો ઊંઘતો નહિ હોય તો તે જરૂર ધર્મ આચરવા પ્રેરાશે. એ જો પ્રગતિ કરવા ઇચ્છતો હશે તો તે જરૂર સંત–સમાગમદ્વારા હંમેશા આત્માને આગળ વધારવા પ્રયત્ન કરશે. એનું મન પણ તેને વૈરાગ્ય તરફ દોરી જશે. તેને વિલાસની સૂગ હશે અને એ રીતે સમતા તો એને માટે અતિસહજ બનશે.

પણ જો તે જાગ્રત નહિ રહે તો એ જ બુદ્ધિ તેને ઊંધે માર્ગે દોરી જશે, તે માનવ મટી રાક્ષસ જેવો બની જશે. પછી તો તેને ધર્મમાં પાખંડ દેખાશે અને વૈરાગ્યમાં શુષ્કતા લાગશે. સંતોને એ દુશ્મન ગણશે એવા માણસને સમતા તો ક્યાંથી મળે ? એવા માણસોને ધર્મને બદલે ધન વહાલું હોય છે, સંતસમાગમને બદલે તે સંપત્તિના નશામાં ચકચૂર બનશે. ધન સંપત્તિનો ઉપયોગ પણ તે અધર્મને માર્ગે કરી આત્માને વિલાસમાં ડૂબાડશે, તેનામાં ભૌતિક પદાર્થો પરત્વે મમતા જામશે અને એ રીતે તે પોતાના આત્માને ઘણો નીચો પાડશે.

રક્તતેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર

## શ્રી સૌરાષ્ટ વીસાશ્રીમાળી મિત્ર-મંડળ—કલકત્તા

કલકત્તાખાતે ચાલતા ઉકત મંડળનો સં. ૨૦૧૩નો બાવીશમા વરસનો રિપોર્ટ અમોને મળ્યો છે.

કલકત્તામાં વસતા વીસાશ્રીમાળી ભાઇઓનું સંગઠન કરવું અને સ્થાનિક તેમજ બહારગામ વસતા જ્ઞાતિભાઇઓને ઉપયોગી થવાના આશયથી આ મંડળની સ્થાપના કરવામાં આવેલ છે અને પોતાના ધ્યેયને અનુલક્ષીને આ મંડળ આજે ૨૩ વરસથી પોતાના જ્ઞાતિભાઇઓની સેવા બજાવી રહેલ છે.

છેલ્લા દસ વરસનો આંકડો જોતાં આ મંડળે સૌરાષ્ટ્રના જુદા જુદા ૯૦ ગામોમાં કુલ ૭૬૯૮૭૮ રૂપિયા, મધ્યમવર્ગના કુટુંબોને રાહત તરીકે તેમજ વિદ્યાર્થીઓને મદદ તરીકે મોકલ્યા છે.

રિપોર્ટવાળા વરસ દરમીયાન મંડળે લગભગ સત્તર હજાર રૂપિયાનું ફંડ એકત્ર કર્યું છે અને તેટલી રકમ જુદી જુદી રીતે રાહતના કાર્યમાં વાપરી છે. મંડળે એક નીતિ અખત્યાર કરી છે કે "નવા વરસમાં ઝાઝી પુરાંત ખેંચવી નહિ, અને બને ત્યાં સુધી કોઇને નિરાશ કરવા નહિ" જે ખરેખર પ્રશંસા માગી લ્યે છે.

દૂર બેઠા સૌરાષ્ટ્રના જ્ઞાતિભાઇઓને રાહત આપવાનું આ કાર્ય અન્ય શહેરના ભાઇઓએ કરવા જેવું છે.

મંડળની ઊમેદ હજુ પોતાનું આ સેવાકાર્ય વિસ્તારવાની છે, અને ઉચ્ચ અભ્યાસ માટેના કોલેજના વિદ્યાર્થીઓને પણ બને તો ઉપયોગી થવાની છે.

મંડળનો પચીસમા વરસનો મહોત્સવ નજીકમાં જ ચાલ્યો આવે છે. તે પ્રસંગે સંસ્થા પોતાના ધ્યેયને પહોંચી વળવામાં વધુ સફળતા મેળવે તેમ ઇચ્છીએ છીએ. અને આ સંસ્થાના વિકાસમાં લાંબા સમયથી સતત સેવા અર્પી રહેલ તેના મંત્રી શેઠ જમનાદાસ દેવચંદ, તથા તેના પ્રમુખશ્રી ડોસાભાઇ નરભેરામભાઇ વગેરેને તેમની પ્રશંસનીય સેવા બદલ આ તકે અભિનંદન આપીએ છીએ અને મંડળનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

**૧. સાધનાની પગદંડીએ**—લેખક : વજ્રપાણિ, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન-શ્રી વસંતલાલ જીવતલાલ શાહ; ૧૪ ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩. પૃષ્ઠ ૧૯૬

કુમારિકા બહેન મંજુલા કાંતિલાલ પ્રતાપશીની પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રસંગે આ ઉપયોગી પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. કુ. મંજુલાબહેન ગર્ભશ્રીમંત કુટુંબના છે અને આપણી સભાના શુભેચ્છક તેમજ 'સરતા સાહિત્ય"ના યોજક રાવબહાદુર શ્રી જીવતલાલભાઇના ભત્રીજી થાય. પાલીતાણાખાતે કુમારિકા બહેનનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો

આ પુસ્તિકામાં બહિર્મુખ જીવન કેવી રીતે વિકાસ સાધી શકે તેને માટે દશેક પ્રકરણો-પગથિયા આપવામાં આવ્યા છે અને તે દરેક પ્રકરણમાં વિવિધ વિષયો રજૂ કરી માનવજીવન-સાફલ્યતાના માર્ગોનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. છેલ્લે છેલ્લે સાંસારિક જીવનમાં કેટકેટલી આલોચના કરવાની હોય છે તેની સંક્ષિપ્ત છતાં મુદ્દાસર ટિપ્પણી આપવામાં આવેલ છે. મુમુક્ષુ વર્ગને આ પુસ્તક ઉપયોગી ભોમિયાની ગરજ સારે તેવું છે.

**૨. જૈનધર્મ પરિચય** (ભાગ પહેલો)—લેખક : શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. પ્રેરક-પં. શ્રી પ્રેમવિજયજી ગણિવર્ય, પ્રકાશક-વનેચંદ અવિચળ મહેતા, મુંબઇ. પૃષ્ઠ ૧૬૦

શતાવધાની શ્રી ધીરજલાલભાઇ સિદ્ધહસ્ત લેખક છે. આ ઉપયોગી પુસ્તિકાના દશ પ્રકરણો પાડી જૈન ધર્મની પ્રાચીનતા, મૌલિકતા તેમજ વિશિષ્ટ તત્વોનું સુંદર ને રસિક શૈલીથી નિરૂપણ કરવામાં આવેલ છે. ભગવાન મહાવીરનું સંક્ષિપ્ત છતાં માહિતીપૂર્ણ જીવન આપી અભ્યાસકવર્ગને સારી સામગ્રી પૂરી પાડી છે. જૈન ધર્મનું સ્વરૂપ અને રહસ્ય સમજવા માટે આ પુસ્તક ઉપયોગી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# દિવ્ય માર્ગદર્શન

જે વડે જીવન સફળ બને તેને 'દિવ્ય માર્ગદર્શન' કહે છે. સંપૂર્ણ સમત્વ જાળવીને ચાલવાનો આપણો જન્મસિદ્ધ હક્ક છે. જેથી આપણા સમગ્ર જીવનની મહાન સરિતા જોડે આપણો સંબંધ જોડાય છે, તે વડે સંસારમાં ઊભા થતા વિકટ પ્રસંગોમાં આપણે બરાબર ઊભા રહી શકીએ છીએ અને મૂંઝવી દેનારા પ્રસંગોથી ગભરાઈ ઊઠતા નથી. પ્રાણી માત્રનું કલ્યાણ થાય તેવા અંતરના દયાભર્યા ભાવમાં જ દિવ્ય માર્ગદર્શન રહેલું છે. તેમાં કોઇ સિદ્ધાંત, વિધિવિધાન કે તત્વદર્શનના કોયડા આવતા નથી. એ તો સીધું જ જીવન-સત્ય છે. વૃક્ષ ગમે તેટલું ઊંચું વધ્યું હોય છતાં તેનું પોષણ તો તેના મૂળમાંથી જ તેને મળે છે. સંસારમાં આપણે ગમે તેટલા મોટા કે વિદ્વાન બન્યા હોઈએ છતાં છેવટે તો આપણાં સાચાં સુખ-સંતોષ તો દૈવી ભાવમાં જ રહેલા છે. ગમે તેટલા વૈભવના સાધનથી કે કહેવાતી વિદ્યાથી આપણું આંતરિક જીવન સંતોષાતું નથી.

જીવનનાં અંતિમ ધ્યેયના દ્વાર દિવ્ય માર્ગદર્શનવડે ઊઘડી જાય છે ત્યારે જ આપણે તેનું સત્ય રહસ્ય પામીએ છીએ. એથી મોટી તેજુરીની ચાવીની નાની પેટી મળે છે, જેથી જીવનનાં રહસ્યો ખૂલે છે અને નમ્રતા, આત્મવિલોપનનાં દર્શન થાય છે.

દિવ્ય માર્ગદર્શનવડે ચિત્ત ઉચ્ચ ભૂમિકાએ પહોંચે છે તથા જીવન અને જ્ઞાનનો વિકાસ થઇ સ્વાભાવિક સંપૂર્ણતાના દર્શન થાય છે. આમ દિવ્ય માર્ગદર્શનને સમજીને હૃદયમાં જીવંત સત્યનાં દર્શન આપણે મન વચન કર્મથી કરવાનાં છે. દિવ્ય માર્ગદર્શનવડે જીવનને ઉન્નત બનાવો.

"દિવ્ય જ્યોતિ"

મુદ્રક અને પ્રકાશક :- હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રીં. પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only